# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ન્યુઝીલેન્ડના પીએમ ક્રિસ્ટોફર લક્સને નવી દિલ્હીમાં રાયસીના ડાયલોગ 2025નું ઉદ્ઘાટન કર્યું
2) ભારત અને ન્યૂઝીલેન્ડે સંરક્ષણ, શિક્ષણ, રમતગમત, બાગાયત અને વનીકરણ ક્ષેત્રે પાંચ કરારો પર હસ્તાક્ષર કર્યા
3) રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે સંસદમાં જણાવ્યું હતું કે રેલવેએ છેલ્લા 10 વર્ષમાં 5 લાખ નોકરીઓનું સર્જન કર્યું
4) સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે અમેરિકાના નેશનલ ઇન્ટેલિજન્સના ડિરેક્ટર તુલસી ગબાર્ડ સાથે બેઠક યોજી
5) જાહેર રજા હોવા છતાં પણ તમામ બેંકો 31મી માર્ચે ખુલ્લી રાખવા રિઝર્વ બેંકનો આદેશ

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE. PM - RAISINA DIALOGUE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના ન્યુઝીલેન્ડ સમકક્ષ ક્રિસ્ટોફર લક્સને આજે સાંજે નવી દિલ્હીમાં સંયુક્ત રીતે રાયસીના ડાયલોગ 2025નું ઉદ્ઘાટન કર્યું હતું.

શ્રી લક્સને પોતાના સંબોધનમાં કહ્યું કે, ભારત અને ન્યુઝીલેન્ડ ભાગ્યશાળી છે કે તેઓ વિશ્વના સૌથી આર્થિક રીતે ગતિશીલ ક્ષેત્રનો ભાગ છે. તેમણે કહ્યું કે, આગામી વર્ષોમાં ઈન્ડો-પેસિફિક, વૈશ્વિક આર્થિક વૃદ્ધિનો બે તૃતીયાંશ હિસ્સો ધરાવશે . ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રીએ કહ્યું કે રાયસીના ડાયલોગ એ એક એવું મંચ છે જે વિશ્વભરના વિચારશીલ નેતાઓને હિંદ મહાસાગરના પડકારો પર તેમના સામૂહિક ચિંતનને તક પૂરી પાડે છે.

આ વર્ષના રાયસીના સંવાદની થીમ "કાલચક્ર - લોકો, શાંતિ અને ગ્રહો" છે. આ કાર્યક્રમ દરમિયાન, વૈશ્વિક નેતાઓ છ વિષયોના સ્તંભો પર ચર્ચા કરશે. રાયસીના ડાયલોગ 19 માર્ચ સુધી ચાલશે.

# INDIA_NZ AGREMENTS

ભારત અને ન્યુઝીલેન્ડે સંરક્ષણ, શિક્ષણ, રમતગમત, બાગાયત અને વનીકરણ ક્ષેત્રે પાંચ કરારો પર હસ્તાક્ષર કર્યા છે. બંને પક્ષોએ અધિકૃત આર્થિક પરસ્પર માન્યતા કરારનું પણ આદાનપ્રદાન કર્યું. આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના ન્યુઝીલેન્ડ સમકક્ષ ક્રિસ્ટોફર લક્સન વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો બાદ આ કરારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું.

બેઠક બાદ સંયુક્ત પ્રેસ નિવેદનમાં, પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે, તેમણે દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી અને સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારીને મજબૂત અને સંસ્થાકીય બનાવવાનો નિર્ણય લીધો હતો.

**(બાઇટ – નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી)**

શ્રી મોદીએ ભાર મૂક્યો કે, ભારત અને ન્યુઝીલેન્ડ આતંકવાદી, અલગતાવાદી અને કટ્ટરપંથી તત્વો સામે સહયોગ યથાવત રાખશે.

**(બાઇટ – નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી)**

આ કાર્યક્રમ બાદ ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મું સાથે મુલાકાત કરી હતી.

# VAISHNAV ON RAILWAYS

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકારે રેલ માળખાને સુધારવા અને મુસાફરોને આરામદાયક અને સસ્તી મુસાફરી પૂરી પાડવા માટે અનેક પગલાં લીધાં છે. તેમણે કહ્યું કે રેલવેએ છેલ્લા 10 વર્ષમાં 5 લાખ નોકરીઓનું સર્જન કર્યું છે, અને દેશમાં રેલવે અકસ્માતો ઘટાડવા પર સતત ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મંત્રી સોમવારે રાજ્યસભામાં રેલ્વે મંત્રાલયના કામકાજ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા.શ્રી. વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું હતું કે 2020 થી મુસાફરોના ભાડામાં વધારો કરવામાં આવ્યો નથી, અને તે પડોશી દેશોની તુલનામાં ખૂબ જ ખર્ચ-અસરકારક છે.

## (બાઇટ- અશ્વિની વૈષ્ણવ, રેલવે મંત્રી)

અગાઉ, ચર્ચામાં ભાગ લેતા, ભાજપના સંજય સેઠે જણાવ્યું હતું કે 2014 થી રેલવેમાં પરિવર્તનશીલ ફેરફારો જોવા મળ્યા છે. AIADMK ના એમ. થંબીદુરાઈએ ટ્રેનોમાં ખોરાકની નબળી ગુણવત્તા અને અસ્વચ્છતાના મુદ્દા ઉઠાવ્યા. ટીએમસી (એમ) ના જીકે વાસનએ જણાવ્યું હતું કે મુસાફરોની સુવિધાને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. સીપીઆઈ (એમ) ના એએ રહીમે જણાવ્યું હતું કે લોકો પાઇલટ્સની 20,000 થી વધુ જગ્યાઓ હજુ પણ ખાલી છે. ચર્ચામાં અન્ય ઘણા સભ્યોએ પણ ભાગ લીધો હતો.

# RS - POWER

રાજ્યમંત્રી શ્રીપદ નાઈકે કહ્યું છે કે સરકારે 2014 થી 234 ગીગાવોટ ઉત્પાદન ક્ષમતા ઉમેરીને વીજળીની અછતના ગંભીર મુદ્દાને નિવારવાનો પ્રયાસ કર્યો છે. રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, શ્રી નાઈકે જણાવ્યું હતું કે, સરકારે દેશને વીજળીની અછતમાંથી પૂરતી વીજળીમાં પરિવર્તિત કર્યો છે. તેમણે કહ્યું કે, વીજળીના વધારાવાળા પ્રદેશોમાંથી વીજળીની અછતવાળા પ્રદેશોમાં વીજળીના ટ્રાન્સફરને સરળ બનાવવા માટે એક મજબૂત રાષ્ટ્રીય ગ્રીડ સ્થાપિત કરાઇ છે. શ્રી નાઈકે જણાવ્યું હતું કે, સરકારે 2031-32 સુધીમાં વધારાની 80 હજાર મેગાવોટ કોલસા આધારિત ક્ષમતા સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

# RS FISHERMEN

આજ સુધી 194 ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ છે, જેમાંના 123 ગુજરાતના છે. ગુજરાતના આ 123 માછીમારોમાંથી 33 એવા છે કે જે 2021ની સાલથી, 68 માછીમારો 2022ની સાલથી પાકિસ્તાની જેલમાં કેદ છે. જ્યારે ગુજરાતના નવ માછીમારોને 2023માં અને 13ને 2024માં પાકિસ્તાની સત્તાવાળાઓએ કેદ કર્યા હતા. પાકિસ્તાનની જેલોમાં હાલ કેદમાં રખાયેલા ભારતના માછીમારો સંબંધે રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં રાજ્યકક્ષાના વિદેશમંત્રી કિર્તીવર્ધનસિંહે આ માહિતી આપી હતી.

વિદેશ રાજ્યમંત્રીના નિવેદન અનુસાર, ભારત અને પાકિસ્તાન દર વર્ષે 1લી જાન્યુઆરી અને 1લી જુલાઈના રોજ પોતપોતાની જેલોમાં કેદ એકબીજાના દેશના નાગરિકો અને માછીમારોની યાદી એકબીજાને સુપરત કરે છે. આ અંતર્ગત ગત પહેલી જાન્યુઆરી, 2025ના રોજ અપાયેલી યાદીમાં પાકિસ્તાને તેની જેલમાં 217 ભારતીય માછીમારો કેદ હોવાનું સ્વીકાર્યું હતું. આ યાદી અપાઈ ત્યારથી એક ભારતીય માછીમારનું અવસાન થયું છે અને 22 અન્ય ભારતીય માછીમારને મુક્ત કરીને ભારતને સોંપી દેવાયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EVE TRUMP- PM PODCAST

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આજે તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર અમેરિકા સ્થિત પોડકાસ્ટર લેક્સ ફ્રિડમેન સાથેના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પોડકાસ્ટ ઇન્ટરવ્યૂને શેર કર્યો હતો. ઇન્ટરવ્યૂ દરમિયાન, શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ટ્રમ્પ તેમના પહેલા કાર્યકાળ કરતાં રાષ્ટ્રપતિ પદ માટે ઘણા વધુ સજ્જ છે. આ પોડકાસ્ટમાં તેમણે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેના તેમના સંબંધો વિશે વિસ્તૃત વાત કરી હતી.. શ્રી મોદીએ અમેરિકા પ્રત્યેની તેમના સમર્પણની પ્રશંસા કરી હતી. ત્રણ કલાકથી વધુ ચાલેલી વાતચીત દરમિયાન, પ્રધાનમંત્રીએ ગઈકાલે કહ્યું હતું કે તેઓ અને ટ્રમ્પ બંને પોતાના દેશને પ્રાથમિકતા આપતા હોવાને કારણે પરસ્પર સારી રીતે સંકળાયેલા છે શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જો બિડેનના રાષ્ટ્રપતિ પદના સમયગાળા દરમિયાન રિપબ્લિકન નેતા એવા ટ્રમ્પ સાથે તેમનો પરસ્પર વિશ્વાસ અટલ રહ્યો હતો.

# TRUMP - PUTIN TALKS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આવતીકાલે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે વાતચિત કરશે. ગઈકાલે ફ્લોરિડાથી વોશિંગ્ટન જતાં વિમાનમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી ટ્રમ્પે કહ્યું હતું કે, રશિયા યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાના વ્યાપક પ્રયાસના ભાગરૂપે જમીન અને પાવર પ્લાન્ટ સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે શ્રી ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન બંને નેતાઓ વચ્ચે આ બીજી મંત્રણા હશે. ફેબ્રુઆરીમાં તેમની અગાઉની વાતચીતમાં, ટ્રમ્પ અને પુતિન યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવાના હેતુથી ઉચ્ચ-સ્તરીય વાટાઘાટો શરૂ કરવા સંમત થયા હતા.

# RAJNATH- US TULSI GABBARD

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આજે નવી દિલ્હીમાં અમેરિકાના નેશનલ ઇન્ટેલિજન્સના ડિરેક્ટર તુલસી ગબાર્ડ સાથે બેઠક યોજી હતી. બેઠક દરમિયાન, બંને નેતાઓએ વ્યૂહાત્મક સુરક્ષા બંને દેશો વચ્ચે વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક સહયોગનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ હોવાના મુદ્દા પર ભાર મૂક્યો હતો ..શ્રી સિંહ અને શ્રીમતી ગબાર્ડે ભારત અને અમેરિકા વચ્ચે લશ્કરી કવાયતો, વ્યૂહાત્મક સહયોગ અને માહિતી-આદાન-પ્રદાન સહયોગ, ખાસ કરીને દરિયાઈ ક્ષેત્રે થયેલી કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી હતી. સંરક્ષણ મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે બંને નેતાઓએ અત્યાધુનિક સંરક્ષણ નવીનતા અને વિશિષ્ટ તકનીકોમાં સહયોગ માટેના વિકલ્પો પર પણ ચર્ચા કરી હતી.

# RAJNATH SINGH

નવી દિલ્હીમાં બુધવાર અને ગુરુવારે આસિયાન સંરક્ષણ મંત્રીઓના સંમેલન અને નિષ્ણાત કાર્યસમૂહ- E.W.G.ની 14મી બેઠક યોજાશે. ભારત અને મલેશિયા આ બેઠકની સહ-અધ્યક્ષતા કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું, બેઠકમાં જોડાવવા બ્રુનેઈ, કમ્બોડિયા, ઇન્ડોનેશિયા, લાઓ પીડીઆર, મલેશિયા, મ્યાંમાર, ફિલિપિન્સ, વિએતનામ, સિંગાપુર અને થાઈલેન્ડ જેવા 10 સભ્ય દેશનું પ્રતિનિધિમંડળ ભારત આવશે. આ ઉપરાંત ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝિલેન્ડ, દક્ષિણ કૉરિયા, જાપાન, ચીન, અમેરિકા અને રશિયાના પ્રતિનિધિઓની સાથે ટિમોર-લેસ્તે અને આશિયાન સચિવાલયના સભ્યો પણ આ બેઠકમાં ભાગ લેશે.

આ બેઠક વર્ષ 2024-27ના વર્તમાન ચક્ર માટે કાઉન્ટર ટૅરરિઝમ પર એક્સપર્ટ વર્કિંગ ગૃપની પ્રવૃત્તિઓનું પહેલું સત્ર હશે. બેઠકમાં આતંકવાદ અને ઉગ્રવાદથી સર્જાતા જોખમને પહોંચી વળવા એક મજબૂત અને વ્યાપક વ્યૂહરચના પર ચર્ચા કરાશે. બેઠકનો ઉદ્દેશ આશિયાન અને તેના સંવાદ ભાગીદારોના સલામતી દળના અનુભવને રજૂ કરવાનો છે.

# MUMBAI - BANKS OPEN ON 31RST MARCH

કરદાતાઓને સુવિધા આપવા માટે, 31 માર્ચ 2025 ના રોજ જાહેર રજા હોવા છતાં, બધી બેંકો ખુલ્લી રહેશે. આજે જારી કરાયેલા એક જાહેરનામામાં, રિઝર્વ બેંકે કહ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષમાં જ સરકારી રસીદો અને ચૂકવણીના હિસાબને સરળ બનાવવા માટે દેશભરમાં ખાસ ક્લિયરિંગ કામગીરી હાથ ધરવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. બેંકોને અલગ સૂચનાઓ જારી કરીને, RBI એ બેંકોને 31 માર્ચના રોજ સામાન્ય કામકાજના કલાકો સુધી ઓવર-ધ-કાઉન્ટર વ્યવહારો માટે શાખાઓ ખુલ્લી રાખવા જણાવ્યું છે.